

# ૧. ટાયર ફાટ્યું ફટાક

## ગીત : તનમનિયો



પિપૂડીવાળાનો પેલો તનમનિયો,
પેલો તનમનિયો...
ચોરી ગયો એ તો, કેળાંનો કરંડિયો,
કેળાંનો કરંડિયો...
કેળાં ખવાય છે,
છાલો ફેંકાય છે,
ચોરી પકડાય છે.
મનમાં ને મનમાં તનમનિયો મૂંઝાય છે,
તનમનિયો મૂંઝાય છે...
પિપૂડીવાળાનો...
ચોરી ગયો એ તો, ચીકુનો કરંડિયો,
ચીકુનો કરંડિયો...
ચીકુ ખવાય છે,
ઠળિયા ફેંકાય છે,
ચોરી પકડાય છે.
મનમાં ને મનમાં તનમનિયો મૂંઝાય છે,
તનમનિયો મૂંઝાય છે...
પિપૂડીવાળાનો...

☞ આ રીતે કેરી-ગોટલા, જાંબુ-ઠળિયા, બટાટા-છાલ, વટાણાં-છોતરાં વગેરે ફળ-શાકભાજીને ગીતમાં ઉમેરી ગીત આગળ વધારી શકાય.

વાર્તા :

નામ હતું ભોલુ. પણ હતો બહુ ચતુર. એકવાર ભોલુભાઈ શાક ખરીદવા ગયા. બજારમાં તો જાતજાતનાં શાકભાજીની અનેક લારીઓ હતી. ભોલુભાઈ તો શંભુભાઈ શાકવાળા પાસે ઊભા રહ્યા.

''ભીંડા કેમ આપ્યા, શંભુકાકા ?''

''ચાલીસ રૂપિયે કિલો.''

''રીંગણ કેમ આપ્યાં ?''

''એ પણ ચાલીસ રૂપિયે કિલો. ગમે તે શાક લો. બધું જ ચાલીસ રૂપિયે કિલો છે.''

''વાહ, એમ કરો. એક કિલો ભીંડા આપો.''

શંભુકાકાએ એક કિલો ભીંડા આપ્યા. ભોલુનો વિચાર બદલાયો, ''કાકા, આ ભીંડાને બદલે એક કિલો બટાટા આપો.'' કાકાએ ભીંડા પાછા લઈ બટાટા આપ્યા. ત્યાં તો ભોલુ કહે, ''ના ના, બટાટા પણ પાછા લઈ લો, એના બદલે ટમેટાં આપો.'' કાકાએ ટમેટાં આપ્યાં. ''લે બેટા, ભોલુ, ચાલીસ રૂપિયા આપ.''

ભોલુએ ભોળા થઈ પૂછ્યું, ''શાના ચાલીસ રૂપિયા ?''





''ટમેટાંના ચાલીસ રૂપિયા ?''

''પણ ટમેટાં તો મેં બટાટાને બદલે લીધાં.''

''ભલે, તો બટાટાના ચાલીસ રૂપિયા આપ, ભાઈ.''

''પણ, બટાટા તો મેં ભીંડાના બદલે લીધા ને !''

''સારું ભાઈ, ભીંડાના ચાલીસ રૂપિયા આપ.''

''શાના ચાલીસ રૂપિયા, કાકા ?''

''ભીંડાના ચાલીસ રૂપિયા.''

''પણ ભીંડા તો મેં લીધા જ નથી, તો પૈસા શાના?''

શંભુકાકા માથું ખંજવાળવા માંડ્યા અને ભોલુએ ટમેટાં લઈને ચાલતી પકડી.

એટલામાં શકરીકાકી આવ્યાં અને શંભુકાકાને ચાલીસ રૂપિયા આપીને કહ્યું, ''લો, ભોલુએ પૈસા તો મને આપેલા જ હતા. આ તો બે ઘડી ગમ્મત કરતો હતો.''

☞ **વાતચીત :**

- તમે ક્યારેય બજારમાં ગયાં છો ?
- તમે કોની સાથે બજારમાં ગયાં છો ?
- બજારમાંથી તમે કઈ કઈ ચીજવસ્તુઓની ખરીદી કરી છે ?
- તમે બજારમાં કઈ કઈ ચીજવસ્તુઓની દુકાનો જોઈ છે ?
- તમને કયા બજારમાં જવું વધુ ગમે છે ?

## અભિનય :




☞ આ અને આવા બીજા વ્યવસાયકારોનો અભિનય કરાવો. તેઓ શું બોલે અને કેવી રીતે બોલે તેનો ખ્યાલ રાખવો.

જેમ કે, રમકડાંવાળો : રમકડાં લ્યો, રમકડાં...

લાલ-પીળાં રમકડાં લ્યો! રમકડાં...

નાનાં ને મોટેરાં માટે,

છોકરાઓ ને છોકરીઓ માટે.

## અવલોકન :




## વાતચીત :

નીચેના જેવા પ્રશ્નો પૂછો :

- બજારમાં કઈ કઈ દુકાનો છે ?
- ટી-શર્ટ ખરીદવા માટે કઈ દુકાને જશો ?
- આ ચિત્રમાં છે એવી કઈ કઈ દુકાનો તમે જોઈ છે ?
- તમે જોઈ હોય એવી કઈ દુકાન આ ચિત્રમાં નથી ?

## અવલોકન :

અરે ! શું થયું ?




## વાતચીત :

ચિત્રના આધારે પ્રશ્નો પૂછો :

- કયા રંગની ગાડીનું ટાયર ફાટ્યું છે ?
- બીજા ચિત્રમાં કયા કયા ફેરફાર દેખાય છે ?
- આવું તમે ક્યાં અને ક્યારે જોયું છે ?

## રમત :

| રાઉન્ડ ૧ | | રાઉન્ડ ૨ | | રાઉન્ડ ૩ | | રાઉન્ડ ૪ | |
|---|---|---|---|---|---|---|---|
| રમાય | | ખવાય | | પિવાય | | બેસાય | |
| ટીમ A | ટીમ B | ટીમ A | ટીમ B | ટીમ A | ટીમ B | ટીમ A | ટીમ B |
| બૅટ | બૉલ | ચૉકલેટ | લાડવો | દૂધ | છાશ | કાર | હીંચકો |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

☞ ઉપર દર્શાવ્યા મુજબનું કોષ્ટક બૉર્ડમાં દોરવું. વિદ્યાર્થીઓની બે ટીમ બનાવવી અને વારાફરતી રાઉન્ડ ૧માં રમવાની વસ્તુઓનાં નામ બોલશે, તેને બૉર્ડ પર નોંધો. જે ટીમ વધુ નામ બોલે તે વિજેતા બને. આ રીતે રાઉન્ડ ૨, ૩ અને ૪ રમાડવા.